દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

રવિવાર ૧૪ જૂન, ૨૦૨૬

બાબર કરતાં ખતરનાક લોકો રામમંદિરમાં ઘૂસી ગયા છે

1992માં બાબરી ઢાંચો એટલા માટે તૂટ્યો કારણકે આખા દેશની લાગણી એવી હતી કે અયોધ્યામાં જ શ્રીરામલલ્લા બીરાજમાન થાય. આ એક આસ્થાનો પ્રશ્ન છે અને તેના પર આઘાત થાય તે કોઇ સંજોગોમાં ચલાવી લેવાઇ નહીં. દેશ અને દુનિયાના હિન્દુઓની રામ ભગવાનમાં આસ્થા હોવાથી અહીં ચઢાવા માટે કોઇ જ કરકસર કરતું નથી. ભક્તો એવું માને છે કે, રામે જેટલું આપ્યું છે તેના કરતાં વધારે આપશે. પર્યટકો અને શ્રદ્ધાળુઓની પ્રથમ પસંદગી બની ગયેલી રામનગરી અયોધ્યા નવા નવા રેકોર્ડ નોંધાવી રહી છે. વાર્ષિક આવકની બાબતમાં રામમંદિર દેશનું ત્રીજું સૌથી મોટું મંદિર બની ગયું છે. રામલલાની પ્રાણપ્રતિષ્ઠા પછી અત્યાર સુધીમાં અયોધ્યામાં 13 કરોડ કરતાં વધારે શ્રદ્ધાળુઓ અને પર્યટકો પહોંચ્યા છે. મંદિરની વાર્ષિક આવક 700 કરોડ રૂપિયાની પાર પહોંચી છે. વાર્ષિક આવકની બાબતમાં રામ મંદિરે સુવર્ણ મંદિર, વૈષ્ણોદેવી અને શિરડી સાઈ મંદિરને પાછળના ક્રમે ખસેડી દીધા છે. શ્રદ્ધાળુઓના વધતા જતા પ્રવાહના કારણે રામ મંદિર હવે ધાર્મિક દાન મેળવનાર ભારતનાં ટોચનાં 10 મહત્ત્વપૂર્ણ મંદિરોની યાદીમાં ત્રીજા સ્થાને આવી ગયું છે. રામમંદિરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દાનની રકમ આપે છે. આ ઉપરાંત, સાનો-ચાંદી પણ ચઢાવે છે. એક અભ્યાસ અને અનુમાન અનુસાર, 2024-25માં આંધ્ર પ્રદેશના તિરુપતિ વેંકટેશ્વર મંદિરની વાર્ષિક દાનની રકમ લગભગ 1,500થી 1,650 કરોડ રૂપિયા રહી, બીજા સ્થાને કેરળ તિરુવનંતપુરમનું શ્રી પદ્મનાભમ સ્વામી મંદિર છે, જેની વાર્ષિક દાનની રકમ લગભગ 750થી 850 કરોડ રૂપિયા છે. આ સુંદર સ્થિતિ વચ્ચે એક અઠવાડિયા પહેલા સમાજવાદી પાર્ટીના સર્વેસર્વા અખિલેશ યાદવે એક ગંભીર આક્ષેપ કર્યો હતો. તેમણે આરોપ લગાવ્યો છે કે અયોધ્યા રામ મંદિરમાં ભક્તો દ્વારા આપવામાં આવેલા પ્રસાદનો એક ભાગ ગુમ થઈ ગયો છે. તેમણે કહ્યું, ‘વિશ્વભરના ભગવાન રામના ભક્તો માટે ખૂબ જ દુઃખદ સમાચાર છે કે રામ મંદિર માટે કરોડો રૂપિયાનું દાન ગાયબ થઈ ગયું છે.’ આ મંદિર ટ્રસ્ટ માટે ખૂબ જ શરમજનક પરિસ્થિતિ છે. કોઈ પણ સ્પષ્ટતા સાથે આગળ આવવા તૈયાર નથી.’ તેમણે ઉમેર્યું હતું કે ‘હું કોર્ટને વિનંતી કરું છું કે આ મામલામાં સ્વયં જાણકારી મેળવે કારણ કે આ સીધી રીતે ભગવાન રામમાં વૈશ્વિક સનાતની સમુદાયની ઊંડી શ્રદ્ધા સાથે જોડાયેલું છે.’ વધુમાં અખિલેશ યાદવે આ મુદ્દા પર યોગી આદિત્યનાથ સરકાર પર પણ સવાલ ઉઠાવ્યા છે. તેમણે લખ્યું, ‘સરકારનું મૌન શંકાસ્પદ છે.’ તેમણે કહ્યું કે સરકાર કે ટ્રસ્ટે આ મામલે કોઈ નિવેદન બહાર પાડ્યું નથી અને કોઈ સ્પષ્ટતા આપવા માટે આગળ આવ્યું નથી.

એક અખબારી અહેવાલ મુજબ, સપા સરકારમાં વન મંત્રી તરીકે સેવા આપનારા પવન પાંડેએ દાવો કર્યો છે કે અયોધ્યા રામ મંદિરમાં દાનપેટીઓ અને પ્રસાદમાંથી ₹5 કરોડથી ₹7.50 કરોડની ચોરી થઈ છે. આરોપો સામે આવ્યા છે કે ભાજપના કાર્યકરો અને ટ્રસ્ટ સાથે સંકળાયેલા કેટલાક વ્યક્તિઓ આ મામલામાં સંડોવાયેલા છે. જ્યારે અખિલેશ યાદવે આ ગંભીર આક્ષેપ કર્યો ત્યારે તે સમાજવાદી પાર્ટીના હોવાથી અને યોગીના વિરોધી હોવાથી આવા આક્ષેપ કરી રહ્યાં હોવાનું માનવામાં આવી રહ્યું હતું પરંતુ હવે એવું લાગી રહ્યું છે કે, તેમની વાતમાં દમ છે. અખિલેશના આક્ષેપના વિવાદ વચ્ચે મંદિર ટ્રસ્ટે શનિવારે સીએમ યોગી પાસે ચોરીના દાવાની તપાસ SIT (સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ) દ્વારા કરાવવાની માગ કરી. બીજી તરફ મંદિરના કર્મચારી લવકુશ મિશ્રા (27)ના ઘરેથી 10 લાખ રૂપિયા મળી આવ્યા છે. તેણે રૂપિયા છાણમાં છુપાવ્યા હતા. આ ઉપરાંત, કેટલાક પૈસા બોક્સમાં પણ રાખ્યા હતા. જોકે, આ રૂપિયા કોના છે, તે હજુ સુધી જાણી શકાયું નથી. લવકુશના પિતાએ પણ રૂપિયા મળ્યાની પુષ્ટિ કરી છે. સૂત્રો અનુસાર, લવકુશ મંદિરમાં ચઢાવાની રકમ ગણવાનું કામ કરતો હતો. લવકુશની નોકરી તેના સસરાએ લગાડી હતી. લવકુશનો સાળો અનુકલ્પ મિશ્રા પહેલાથી મંદિરમાં નોકરી કરી રહ્યો હતો. સૂત્રો અનુસાર, અનુકલ્પ અને લવકુશ બંને હાલ પોલીસ કસ્ટડીમાં છે. આ રૂપિયા મળતા રામ મંદિરની દેખરેખ કરનારા સરકારી ટ્રસ્ટ ‘શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ’ દ્વારા કથિત ચોરી અંગે સીધું જ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ (CM Yogi Adityanath)ને SIT તપાસ કરાવવાની વિનંતી કરી છે. ટ્રસ્ટે મુખ્યમંત્રી સમક્ષ ત્રણ માંગ કરી છે. વિશેષ તપાસ દળ (SIT) દ્વારા આ સમગ્ર મામલાની તપાસ કરાવવામાં આવે. ઊંડાણપૂર્વક અને કોઈના દબાણ વખત તપાસ થઈ શકે તે માટે SITની વિશેષ ટીમ હોવી જોઈએ. આ મામલાની સંપૂર્ણ નિષ્પક્ષ તપાસ થઈ જોઈએ, જે કોઈની પણ તરફેણ વગર અને કોઈના દબાણ વગર થવી જોઈએ. જે દોષિત મળી આવે તેના વિરુદ્ધ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે. ટ્રસ્ટે સ્પષ્ટ કહ્યું કે, દોષિતોને છોડવામાં નહીં આવે. જણાવી દઇએ કે, 1526માં બાબર ભારત આવ્યો તેના થોડા સમય બાદ બાબરે રામ મંદિર તોડી પાડવાનો આદેશ જારી કર્યો હતો. 1528 માં, મીર બાકીએ મંદિરનો નાશ કર્યો હતો જેને હિન્દુઓ ભગવાન રામના જન્મસ્થળ તરીકે પૂજતા હતા. બાબરે આ જગ્યાએ બાબરી મસ્જિદ બનાવી હતી. રસ્તાઓથી લઈને કોર્ટ સુધીના લાંબા સંઘર્ષ બાદ રામ મંદિરના નિર્માણનો રસ્તો સાફ થયો. આ પછી એટલું મોટું મંદિર બનાવવામાં આવ્યું છે કે તેને જોવા માટે દુનિયાભરમાંથી રામ ભક્તો અયોધ્યા આવી પહોંચ્યા છે. અયોધ્યાના રામ મંદિરમાં કુલ 392 સ્તંભ છે. ત્રણ માળના આ મંદિરમાં 44 દરવાજા છે. દરેક માળની ઊંચાઈ 20 ફૂટ છે. મંદિર પરિસર પણ ઘણું મોટું છે. રામ મંદિર પરંપરાગત નાગર શૈલીમાં બનેલું છે. મંદિરની પૂર્વથી પશ્ચિમ લંબાઈ 380 ફૂટ અને પહોળાઈ 250 ફૂટ છે. મંદિરની ઊંચાઈ 161 ફૂટ છે. આ મંદિર અત્યારે જે શાનથી બન્યું છે તેમાં માત્ર ઈંટ પથ્થર નથી પણ લોકોની આસ્થા અને લોકોનું લોહી પણ વહ્યું છે. આ મંદિરમાં ચોરી થાય તો તે સમગ્ર દુનિયાના હિન્દુ સમાજ માટે કુઠરાઘાત છે. આ મંદિરમાં જે લોકો ચોરી કરે છે તેઓ બાબર કરતા પણ વધારે ક્રુર છે તેવું કહીએ તો પણ ખોટું નથી એટલે આવા તત્વોને તાત્કાલિક અસરથી હાંકી કાઢવા જોઇએ

ગુરુના અજબ આશિષ

એક યુવાન શિષ્ય તેના ગુરુજી પાસે આવ્યો. તેણે કહ્યું, ‘‘ગુરુજી, મને તમારા વિશેષ આશિષ જોઈએ છે.’’ ગુરુજી બોલ્યા, ‘‘તે તો હંમેશા મારા દરેક શિષ્ય સાથે છે જ. તને શા માટે ખાસ આશીર્વાદ જોઈએ છે?’’

શિષ્ય બોલ્યો, ‘‘ગુરુજી, મારે જીવનમાં બદલાવ જોઈએ છે. મારે પોતે બદલાવું છે, હું જે છું તેનાથી વધુ સારા મારે બનવું છે...હું જ્યાં છું ત્યાંથી મારે આગળ વધવું છે. હું ખૂબ મહેનત કરી બદલાવા માંગું છું. તમે મને આશીર્વાદ આપો.’’

શિષ્યની વાત સાંભળી ગુરુજી બોલ્યા, ‘‘વત્સ, તને જીવનમાં ઠોકર વાગે... નિષ્ફળતા મળે, તને જીવનમાં ખરાબ અનુભવ થાય.’’

ગુરુજીના શબ્દો સાંભળીને શિષ્ય હતપ્રભ થઈ ગયો. તે સમજી ન શક્યો કે ગુરુજી આ શું બોલ્યા?

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

તેણે થોથવાતા અવાજે ધીમેથી પૂછ્યું, ‘‘ગુરુજી, મને મારી કોઈ ભૂલ થઈ હોય તો ક્ષમા કરજો.હું તમારી માફી માંગું છું. હું તમારી પાસે બદલાવ માટે સારા આશિષ મેળવવા આવ્યો હતો અને આ તમે મને કેવા આશિષ આપ્યા જે આશીર્વાદ છે કે શાપ તે જ સમજાતું નથી ...’’

ગુરુજી બોલ્યા, ‘‘વત્સ મેં તને તેં જેના માટે આશિષ માંગ્યા તે માટે જરૂરી હોય તેવા આશિષ જ આપ્યા છે. તું મારો શિષ્ય છે અને તારી કોઈ ભૂલ પણ નથી તો હું તને શું કામ કોઈ શાપ આપું? કેવી વાત કરે છે?’’

શિષ્ય બોલ્યો, ‘‘ગુરુજી, તમે કહ્યું, મને નિષ્ફળતા મળે ,ઠોકર વાગે, ખરાબ અનુભવ થાય. આ આશીર્વાદ કઈ રીતે તે સમજાતું નથી.’’

ગુરુજી બોલ્યા, ‘‘વત્સ, તેં કહ્યું જીવનમાં બદલાવ જોઈએ છે, તારે પોતે બદલાવું છે, તું જે છે તેનાથી વધુ સારા તારે બનવું છે...તું જ્યાં છે ત્યાંથી તારે આગળ વધવું છે.એટલે મેં તને આવા આશિષ આપ્યા છે કારણ કે તો જ તને જે જોઈએ છે તે બદલાવ તે શક્ય બનશે.’’

શિષ્ય બોલ્યો, ‘‘કઈ રીતે?’’

ગુરુજીએ કહ્યું, ‘‘જો જયારે તને નિષ્ફળતા મળશે કે કોઈ ઠોકર વાગશે કે કોઈ ખરાબ અનુભવ થશે ત્યારે તને મનમાં પીડા થશે; આ પીડાદાયક અનુભવ તને જીવનમાં શીખવા જેવો અને કોઈ ભણાવી ન શકે તેવો પાઠ ભણાવશે અને જ્યારે જીવનના આવા અનુભવમાંથી પાઠ ભણવા મળે, જે શીખવા મળે ત્યારે મનુષ્યમાં જરૂરી બદલાવ આવે છે.તેં બદલાવની ઈચ્છા કરી એટલે મેં તને આવા આશીર્વાદ આપ્યા.’’ ગુરુજીએ સમજ આપી.શિષ્ય ગુરુજીના આશિષ મેળવી જીવનમાં બદલાવ લાવવા કટિબદ્ધ બન્યો.

અમેરિકા-ઇઝરાયેલ-ઈરાન યુદ્ધ ફરી શરૂ થયું છે ત્યારે ભારતીય અર્થવ્યવસ્થા કઈ દિશા પકડશે?

ભારતનો રૂપિયો માંદગીને બિછાને પડ્યો છે. એવા અહેવાલ છે કે ભારતીય રિઝર્વ બેંક રૂપિયો લપસતો લપસતો ડૉલર સામે ૧૦૦ની સપાટી પાર ન કરી જાય એ માટે ખૂબ મોટા જથ્થામાં ડૉલર વેચી રહી છે. આની સીધી અસર ભારત પાસે ઉપલબ્ધ વિદેશી હૂંડિયામણ પર થાય, પરંતુ ધારણાઓથી વિપરીત વિદેશી હૂંડિયામણ બજારમાં મુખ્ય ચલણો સામે ડૉલર આશરે ૦.૦૪ ટકા વધ્યો છે. છેલ્લા એક મહિનામાં તેમાં લગભગ ૧.૦૩ ટકાનો વધારો નોંધાયો છે. ટ્રમ્પના ટેરિફને કારણે અમેરિકામાં મોંઘવારી અને બેરોજગારી ફેલાશે એવો ભય સેવાતો હતો. તેને ખોટો પાડતાં ૨૦૨૬ના મે મહિનામાં અમેરિકામાં લગભગ ૨,૪૫,૦૦૦ નોકરીઓ ઉમેરાઈ છે ને આમ છતાંય બેરોજગારીનો દર ૩.૮ ટકા ઉપર સ્થિર રહ્યો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કારણે અમેરિકાની મુખ્ય નોકરીદાતા કંપનીઓએ જે છટણી કરી છે તેનો આંકડો ગણતરીમાં લીધો નથી. ડૉલરની વૈશ્વિક બજારમાં મજબૂતી, અમેરિકાના અર્થવ્યવસ્થાના આંતરિક પ્રવાહોને જોતાં ફુગાવો ન વધે તે હેતુથી મજબૂત રોજગાર બજારનું કારણ ધ્યાને ફેડરલ રિઝર્વ દ્વારા જેની અપેક્ષા હતી તે વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવ્યો નથી.

૧૦ જૂને અમેરિકા-ઇઝરાયેલ-ઈરાન યુદ્ધ પાછું સળગ્યું હોવાના સમાચાર છે. અત્યાર સુધી રિઝર્વ બેંકના પ્રયાસોને કારણે ભારતીય રૂપિયાએ મજબૂતાઈનું જે વલણ દાખવ્યું હતું તે વિશ્વબજારમાં ક્રુડ ઓઇલના વધી રહેલા ભાવને કારણે તે મ જ વિદેશી રોકાણકારો

વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

ક્રુડ ઓઈલની વાત કરીએ તો અમેરિકા-ઈરાન યુદ્ધ શરૂ થયા બાદ બ્રેન્ટ ક્રુડ ઓઈલના ભાવ ૪% વધ્યા હતા

ભારતીય શેરબજારમાંથી પોતાનું મૂડી રોકાણ પાછું ખેંચી રહ્યા હોવાને કારણે અન્ય આંતરરાષ્ટ્રીય મુખ્ય ચલણો અને ખાસ કરીને અમેરિકન ડૉલરની સામે રૂપિયો ફરી એક વાર ગગડ્યો હતો. આ એવા સમયે થયું જ્યારે રૂપિયાએ છેલ્લા કેટલાક સમયગાળામાં હાંસલ કરી હતી તેના કરતાં વધુ મજબૂતાઈ હાંસલ કરી સારો દેખાવ કર્યો હતો.

અમેરિકામાં રોજગારી વધી રહી હોવાના અહેવાલો આવ્યા તે સામે વૈશ્વિક બજારમાં વધી રહેલા ક્રુડ ઓઇલના ભાવ તેમજ ફેડરલ રિઝર્વ વ્યાજ દર વધારશે એ બધાં કારણોસર રૂપિયાએ ફરી પાછું પોતાનું સ્થાન ગુમાવ્યું અને ૦.૮ ટકા નબળો પડીને છેલ્લા ચાર અઠવાડિયાનો મોટામાં મોટો ઘટાડો નોંધાવ્યો. આમ રિઝર્વ બેંકે રૂપિયાને ડૉલર સામે મજબૂત બનાવવા માટે કરેલા પ્રયાસ ઝાઝા સફળ નીવડ્યા નહોતા. અમેરિકા-ઈરાન વચ્ચેનો તણાવ અને યુદ્ધ તેમજ આંતરરાષ્ટ્રીય મુદ્રા બજારમાં મજબૂતાઈ પકડી રહેલો ડૉલર બંને કારણોને લઈને રૂપિયો પાછો ગગડ્યો હતો.

ક્રુડ ઓઈલની વાત કરીએ તો અમેરિકા-ઈરાન યુદ્ધ શરૂ થયા બાદ બ્રેન્ટ ક્રુડ ઓઈલના ભાવ ૪% વધ્યા હતા. આની પાછળ ઇઝરાયેલ દ્વારા લેબનોન પર હુમલાઓની તીવ્રતા વધારવામાં આવી તે ઉપરાંત હોર્મુઝમાંથી વળી પાછો મુક્ત ટ્રાફિક શરૂ થાય તે આશા પડી ભાંગી તે કારણ પણ ગણી શકાય. ભારત પોતાની મુખ્ય જરૂરિયાતો માટે આયાત ઉપર આધાર રાખતો દેશ છે અને તેમાં પણ દેશની ઊર્જા જરૂરિયાતનો ૮૦% કરતાં વધારે હિસ્સો આયાતથી મેળવવામાં આવે છે એટલે રૂપિયો ઘસાય અને ડૉલર મજબૂત થાય તો ઊર્જાના ભાવ વધે જેની સાર્વત્રિક અસર ભાવવધારા અને મોંઘવારી પર થાય.

આનાથી ઉલટું અમેરિકામાં મે મહિનામાં નોકરીઓની સંખ્યા વધી એટલે ફેડના દર ઘટવાની આશા ભાંગી પડી જેને કારણે ઘરઆંગણે પણ ડૉલરને નબળો પાડે તેવાં પરિબળો હેઠાં પડ્યાં. ડૉલર સારો એવો મજબૂત બની ગયો.

આમ અમેરિકા-ઇઝરાયેલ યુદ્ધ બાદ આંતરરાષ્ટ્રીય ચલણ બજારમાં ડૉલર મજબૂત બન્યો છે. જ્યારે ભારતીય રૂપિયો, જાપાનીઝ યેન અને બ્રિટિશ પાઉન્ડ સ્ટર્લિંગ ઘસાયાં છે.

આ પરિસ્થિતિમાં ભારત માટે વિશેષ મુશ્કેલીની સ્થિતિ ઊભી થાય, કારણ કે ભારત ક્રુડ ઓઇલ અને સંલગ્ન પેદાશો જેમાં ખાવાનું તેલ પણ આવી જાય, મોટા પાયે આયાત પર આધારિત છે. દુનિયામાં શસ્ત્રોની સૌથી મોટી આયાત ભારત કરે છે. જો અમેરિકા-ઇઝરાયેલ-ઈરાન યુદ્ધ લાંબુ ચાલે અને ક્રુડ ઓઇલના ભાવ બેરલ દીઠ ૧૫૦ ડૉલરથી વધી જાય તો ભારતીય અર્થવ્યવસ્થા માટે એ એક મરણતોલ ફટકો હશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

લાડકી બહેન યોજનાનો લાભ લાડકા ભાઈઓ ઉઠાવી ગયા જય હો!

બદનામ લોકો અને સરકારના અપ્રામાણિક કર્મચારીઓ સાથે મળીને પૈસા અને લાભ ચપ્પત કરી જાય તેનું નામ સરકારી યોજના. હમણાં એક ભાઇ બોલી રહ્યા હતા કે ખોટું બોલી, ખોટું કરી બે દિવસ ખાઇ શકો અને સાચું બોલીને એક દિવસ. ભારતનાં લોકોમાં આ એક ખોટી માનસિકતા ઘૂસાડવામાં આવી રહી છે કે તેમના લોહીમાં પહેલેથી જ આ નકારાત્મક વૃત્તિએ ઘર કર્યું છે તે કહેવું મુશ્કેલ છે. જે દીવા જેવું સ્પષ્ટ છે. તે એ છે કે સરકારો અને રાજકીય પક્ષો આ જુઠા વિચારને સતત પોષણ આપી રહ્યા છે. તેઓ જ્યાં સાચું કરીને યશ મેળવવાની શક્યતા હોય ત્યાં પણ ખોટી તરકીબો અજમાવે છે. આ નફરત એમના ડીએનએમાં વણાઇ ગઇ છે. ક્યાંય પણ નજર કરો, બસ ખોટાઓની જ બોલબાલા છે. ધાર્મિક ક્ષેત્રમાં અનહદ પેસી જાય ત્યારે દેશ એ પ્રજાને ભગવાન પણ નહીં બચાવી શકે.

મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે મુખ્યમંત્રી હતા ત્યારે ‘લાડકી બહેન’ નાયક યોજના શરૂ કરી હતી. આજે પણ ચાલુ છે. દેશને પ્રામાણિક બનાવવાના નામે અપ્રામાણિકતા દાખલ કરી દેવાનું સૌથી મોટું રાક્ષસી કામ અરવિંદ કેજરીવાલે કર્યું. ચૂંટણીઓ જીતવા માટે લોકોને તરહ તરહના સરકારી લાભો આપ્યા અને ચૂંટણીઓ જીતી પણ ગયો. મહેનત વગર કશુંક પ્રાપ્ત કરવાનો દરેક શોર્ટકટ લોકો દ્વારા જાણતા કે અજાણતા થતી એક ચોરી જ છે. લોકો એ ભૂલી જાય છે કે ચોરીનું શિકે ન ચડે. વહેલો મોડો પ્રજા કે તેની ભવિષ્યની પેઢીએ એ શોર્ટકટની સાજ ભોગવવી જ પડે છે. ઠીક છે, પરંતુ અન્ય રાજકીય પક્ષો અને નેતાઓને કેજરીવાલવાળી, બીજા શબ્દોમાં કહીએ તો રોકડા લાભો આપી પૈસા ખરીદવાની એ યોજનાઓ વધુ માફક આવી ગઈ. દેશની અને રાજ્યોની દરેક સરકારોએ, ફરીથી ચૂંટણીઓ જીતવા માટે, લાગણી અને બંધનોના સ્યુગરકોટેડ નામો સાથે આ મન-ખરીદી યોજનાઓ અમલમાં મૂકવા માંડી. રક્ષાબંધનના દિવસે મુખ્યમંત્રી લાડકી બહેનોના લાડકા ભાઈ છે એવી ફુલ પેજ જાહેરખબરો છપાવા માંડી.

શિંદે સરકારનું તો એક ઉદાહરણ છે પરંતુ આ પ્રકારનું મતદાતાઓનું શોષણ મમતા બેનરજીએ પણ કર્યું, દરેક સરકારોએ કર્યું અને કરી રહી છે. યોજનામાં ગોટાળા ઘૂસ્યા તો ઘૂસવા દીધા. આંખ આડા કાન એટલા માટે કર્યા કે ગોટાળાઓ આચરીને મતદારો મત આપતા હોય તો ગોટાલેં અચ્છે હૈ. લાડકસ બહેન યોજનાનો લાભ લાડકા પણ ડામીસ, ભાઇઓ પણ ઉઠાવી ગયા. મહારાષ્ટ્રમાં હજારો ભાઇઓએ લાડકી બહેનો બની યોજનાની જયાફત ઉઠાવી. જેમાં વાર્ષિક કૌટુંબિક આવક રૂપિયા અઢી લાખથી ઓછી હોય એ પરિણીત, છૂટાછેડાવાળી, વિધવા, ત્યકતા કે જરૂરતમંદ સ્ત્રીઓને સરકાર દર મહિને પંદરસો રૂપિયાની સહાય આપે છે. સહાયની યોગ્યતા બાબતમાં કશું જ ખોટું કે ખરાબ નથી. પરંતુ તેનો અમલ સવાલો પેદા કરે છે. આ યોજના માટે સરકારે 2026-27ના નાણાંકીય વર્ષમાં 26 હજાર પાંચસો કરોડ ફાળવ્યા છે. યોજના શરૂ કરાઇ ત્યારે સરકારી અંદાજ હતો કે વર્ષના 46 હજાર કરોડ રૂપિયાની જરૂર પડશે. પરંતુ તેના બદલે 2024-25માં 33 હજાર 232 કરોડ રૂપિયાની વહેંચણી થઈ.

રકમ મોટી અંદાજવામાં આવી હતી, પરંતુ સરકાર આ રીતે સહાયકોમાં મોટી રકમો વહેંચી દે તો તેની અસર વિકાસની અને અન્ય યોજનાઓ, વહીવટ વગેરે પર સ્પષ્ટપણે વર્તાય. એટલે ચૂંટણી આવવાના એકાદ વર્ષ અગાઉ સરકાર પણ ધોધ વહાવે પણ આખરે અનેક સવાલોના માત્ર જવાબો જ નહીં, પરિણામો ભોગવવાં પડે. રાજ્યને નાણાં ધીરતી સંસ્થાઓ, એજન્સીઓ ક્રેડિટ રેટીંગ ઘટાડી દે. છેવટે સરકારને સ્કીપ નાની કરવી પડી. ચુસ્ત દુરસ્ત બનાવવાની ફરજ પડી ત્યારે 26 હજાર 500 કરોડ પર અટકી છે. આ દુરસ્તીની પ્રક્રિયામાં એ સામે આવ્યું કે અપાત્ર હોય એવી બહેનોએ તો યોજનાનો ફાયદો ઉઠાવ્યો અને હજારો ભાઈઓએ બહેન બની ઉઠાવ્યો. ઈ-કેવાયસીની નવી પ્રક્રિયા અને તપાસમાં આ ઘટસ્ફોટ થયો. એક કરોડ 66 (છાંસઠ) લાખ

યે મેરા ઈન્ડિયા
વિનોદ પંડ્યા

હજારો કરોડનો એક એક ગોટાળેબાજ વિદેશોમાં મોજ માણે છે ત્યારે સરકાર કયા મોઢે લાખો ચિભડા ચોરને સજા કરાવી શકે અને ધારો કે કરાવે તો એટલા મતદારો ગુમાવે

મહિલાઓ હાલમાં સ્કીમનો લાભ લે છે. પરંતુ સ્કીમ લોન્ચ થઈ ત્યારે બે કરોડ 40 લાખ લાભાર્થી બહેનો હતી. ઈ-કેવાયસીની સઘન તપાસ શરૂ થઈ ત્યારે બહાર આવ્યું કે મોટરકારો કે ફોર વ્હીલર્સ ધરાવતી બહેનો, કે જેમણે આવકવેરા પણ ભરવા પડયા હતા એ લાખોની સંખ્યામાં લાભાર્થીઓ તરીકે જોડાઇ ગઇ હતી. કુલ 74 લાભાર્થીઓ અપાત્ર જાહેર થઇ કે થયા. આ સમાજમાં પ્રવેશેલી અનીતિની આ મિશાલ છે. સરકારી નોકરી કરતી બહેનોએ પણ ફાયદો ઉઠાવ્યો એ ન્યાયે કે જેના હાથમાં એના મોંમાં. શું એ માત્ર લાડકી બહેનોને સરકાર નોકરીમાંથી કાઢશે?

સમાજ આ રાહ પર શા માટે ચડી ગયો છે? એટલા માટે કે તેઓને બે વાત સમજાઇ ગઇ છે. એક તો પ્રજાના પૈસે નેતાઓ બેમર્યાદ સત્તાઓ અને સુવિધાઓ ભોગવે છે. ફરજ ન પડે ત્યાં સુધી પ્રજાને કશું પાછું આપતા નથી. તો પછી આપણે પોતાએ પણ શા માટે ફાયદો ન ઉઠાવવો. બીજી વાત એ સમજાઇ ગઇ છે કે ખોટું કરવાથી કોઈ બૂરું પરિણામ આવવાનું નથી. લાખો લોકોને કોર્ટમાં ઘસડી જવાના નાણાં માણસો અને વ્યવસ્થા સરકાર પાસે નથી. હજારો કરોડનો એક એક ગોટાળેબાજ વિદેશોમાં મોજ માણે છે ત્યારે સરકાર કયા મોઢે લાખો ચિભડા ચોરને સજા કરાવી શકે અને ધારો કે કરાવે તો એટલા મતદારો ગુમાવે. બહેનો તો ઠીક 14298 લાડકા ભાઈઓ જેમણે યોજનાનો ગેરલાભ ઉઠાવ્યો તેઓને સરકાર માફ કરી દે અને આખું પ્રકરણ સગેવગે કરીને કાળક્રમે ભૂલાવી દે તો નવાઈ પામવા જેવું નથી. કારણ કે તેમાં સરકારી તંત્રની ઈરાદાપૂર્વકની ગેરલાયકાત અને નીતિમત્તા ઉજાગર થાય છે. શું અરજીઓ એમ જ મંજૂર કરી દેવામાં આવી. ફોટોગ્રાફ્સ ચીટકાડવાનું ફરજિયાત ન હતું શું? સ્ત્રીઓ અને પુરુષોનાં નામોમાં અમુક અપવાદો બાદ કરતાં સામાન્યતા હોતી નથી. તેઓને પ્રમાણપત્રો અને કાગળો અરજીના સમર્થનમાં રજૂ કર્યા તેમાં શું ક્યાંય વિસંગતિઓ જોવા ન મળી? ખેર! ફડનવીસ સરકારે યોજનાને સ્ટ્રીમલાઈન કરીને સરકારની શાખ બચાવી લીધી છે, પરંતુ સરકારી યોજનાઓ આમ જ ચાલે એ ધારણાને વધુ મજબૂત બનાવી છે. સરકાર નિયમ પ્રમાણે આગળ વધશે તો વિપક્ષ ગોકીરો મચાવશે કે બહેનોને સતાવવામાં આવી રહી છે. તે પણ વરસના 18 હજાર જેટલી નાની રકમ માટે દેવેન્દ્ર ફડણવીસે જાહેર કર્યું છે કે જેમણે અનુચિત લાભ મેળવ્યો છે એમની પાસેથી રકમ પાછી મેળવવામાં આવશે. જે થશે તે ભવિષ્યની વાત છે પરંતુ એ લાડકા ભાઈઓને બિલકુલ માફ ન કરવા જોઈએ. જેલમાં પૂરવા જોઈએ. આખરે સામાજિક નીતિમત્તાનો તેના ફેબ્રિકનો સવાલ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

નેશનલ મિડિયાએ આત્મચિંતન કરવાની જરૂર

તાજેતરમાં દિલ્હીના જંતર-મંતર ખાતે વિવિધ વિદ્યાર્થી સંગઠનો દ્વારા ‘નીટ’ (NEET) પરીક્ષા અને શિક્ષણના અન્ય ગંભીર પ્રશ્નોને લઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું. શિક્ષણ એ જીવનની પ્રાથમિક જરૂરિયાત છે, તેથી આ ઘટના દેશભરમાં ચર્ચાના સ્થાને રહી. પરંતુ, આ આંદોલન દરમિયાન સૌથી ચિંતાજનક ચિત્ર એ જોવા મળ્યું કે પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ દ્વારા દેશની જાણીતી નેશનલ મીડિયા ચેનલોના પત્રકારોનો ઉગ્ર વિરોધ કરાયો અને તેમને ત્યાંથી ભગાડવામાં આવ્યા.

આ એ જ ભારતીય મીડિયા જગત છે, જેણે ભૂતકાળમાં અન્ના આંદોલન અને નિર્ભયા કાંડ વખતે કરેલા નિષ્પક્ષ રિપોર્ટિંગ માટે જનતાની અપાર સરાહના મેળવી હતી. એક તરફ આપણે ‘વિશ્વગુરુ’ બનવાનો દાવો કરીએ છીએ અને બીજી તરફ આપણું મીડિયા પક્ષપાતી બનીને સત્ય છુપાવી રહ્યું છે. પત્રકારત્વનો મૂળ સિદ્ધાંત ‘સત્ય અને નિષ્પક્ષતા’ છે, જે આજે ક્યાંક ખોવાઈ ગયો છે.ઈરાનમાં લોકો ઈએમઆઈ પણ રોટલી ખાવા મજબુર બન્યા. આવા સમાચારો પ્રસારિત થતાં ઈરાની દુતાવાસે તેનો સાચો જવાબ આપ્યો, કે આવું કંઈ જ નથી. તો શું આ ભારતીય મિડીયાની ઈન્ટરનેશનલ આબરુના લીરેલીરા નથી. પરંતુ આ નકારાત્મકતાની વચ્ચે, ડિજિટલ મીડિયાએ અદ્ભુત અને પ્રશંસનીય કામ કર્યું છે. જ્યાં મોટા ગજાના સેલિબ્રિટી એન્કરો પત્રકારો પહોંચી ન શક્યા અથવા પહોંચવા ન માગતા હતા, ત્યાં નાના સ્માર્ટફોન અને માઇક લઈને નીકળેલા યુટ્યુબર્સ, સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ અને સ્વતંત્ર પત્રકારોએ અને પ્રિન્ટ મિડીયાએ કમાલ કરી બતાવી. તેમણે કોઈ પણ પક્ષપાત વગર, સીધા આંદોલનકારી વિદ્યાર્થીઓ વચ્ચે જઈને તેમની પીડા, તેમના પ્રશ્નો અને આંદોલનનું સાચું ચિત્ર દુનિયા સામે રાખ્યું. ડિજિટલ મીડિયાએ પત્રકારત્વની લાજ બચાવી છે તેમ કહેવું જરાય અતિશયોક્તિ નથી.ત્યારે હવે નેશનલ મિડિયાના માલિકો અને તંત્રીઓએ આત્મચિંતન કરવાની અને મનોમંથન કરવાની જરૂર છે. બાકી એક સમયે ફૂલ પાથરવામાં આવતાં હવે જનતા કાંટા પાથરીને સ્વાગત કરે તો નવાઈ નહીં.

પંચમહાલ - વિજયસિંહ સોલંકી

પીઓકે પર મુનીરનો અત્યાચાર વધી રહ્યો છે

પીઓકે પર આ પાકિસ્તાન સરકારનો જુલમી શાસક મુનીર શું કરવા બેઠો છે. અરેરેરે પીઓકેનાં નિર્દોષ માનવીઓને આ હત્યારો મનીર હત્યા કરી રહ્યો છે. આજે 9-6-26 મંગળવારના રોજની ઘટના છે. લગભગ 150 જેટલા માનવીની હત્યા! અરેરેરે. એના પડઘા તો લંડન સુધી પડયા છે. ત્યાંના પીઓકેના નાગરિકોએ જબરજસ્ત આંદોલન માંડ્યું છે. જરૂરી પણ છે. આ તો આપણું જ છે. બે વાર આપણા હાથમાં આવતાં રહી ગયું હવે તો આપણે લઈ લેવું જ પડશે. રાજનાથસિંહ તો ઘણીવાર બોલ્યા છે કે પીઓકે હવે આપણા હાથમાં આવી જશે. વધારે વાર નહિ લાગે. પણ કેમ વિલંબ થઈ રહ્યો છે એ જ સમજાતું નથી. અત્યારે લોઢું ગરમ છે. હથોડો મારી દેવો જરૂરી છે. મુનીરને સબક શીખવાડી દેવો જોઈએ. એના અત્યાચાર વધી રહ્યા છે. વચ્ચે અફઘાનીઓ પર ગોળીઓ ચલાવી કેટકેટલા લોકોને મારી નાખેલા. હવે તો હદ થઈ ગઈ છે. માનવતાવાદીઓ મૂંગા થઈ ગયા છે. પોતાના જ ધર્મના ભાઈઓ પર ગોળીઓ વરસાવી આતંક મચાવી રહ્યાં છે. આ પાકિસ્તાન કયાં જઈને ઊભું છે? બસ હત્યા-આતંક-જુલ્મ અત્યાચાર કરીને નિર્દોષોને મારી રહ્યાં છે. આ ક્યાંનો ન્યાય. પીઓકેને ભારતને સોંપી દેવું જ પડશે. તો જ ત્યાંના લોકો શાંતિથી જીવી શકશે. હવે સમય પાકી ગયો છે. એટેક કરવાનો સમય આવી ગયો છે. આપણી જમીન આપણે હવે લઈ લેવી જ પડશે.

સુરત - જયા રાણા

પ્રજનન દર ઘટ્યો પણ સમસ્યાનો દર યથાવત્ છે

તાજેતરના મૂલ્યાંકન મુજબ કુલ પ્રજનન દર 1.9 મહિલા દીઠ જે વસ્તી દર નીચો કહી શકાય છે. જેની તુલનાએ 2.1 આંકડાથી બેલેન્સ જળવાઈ તેના કરતાં જન્મદર ઓછો થઈ ગયો છે.1950 માં ભારતની વસ્તી 1.45 કરતાં વધુ હતી મતલબ એક માતા છ બાળકને જન્મ આપતી. 2023 માં ભારતે વિશ્વમાં પ્રથમ ક્રમ મેળવ્યો ચીનને પાછળ છોડી દીધું છે. ત્યારબાદ હાલના આંકડા મુજબ ભારતનો જન્મ દર ઘટવો મતલબ જે રાજ્યમાં શિક્ષણ વ્યવસ્થા સારી ત્યાંની પ્રજા જન્મદરની નહીં પણ પોતાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બાળકો પેદા કરે છે. વસ્તી ઘટવી કે વધવી તે બે પેઢી વચ્ચેનું અંતર સમજ શિક્ષણ બતાવે છે. વસ્તી ઘટી કે વધી તે રાજ્યના આંકડા આ મુજબ છે. બિહાર 2.9 ઉત્તર પ્રદેશ 2.6 મધ્યપ્રદેશ 2.4 રાજસ્થાન 2.3 પણ કેન્દ્રીય રાજધાની દિલ્હીમાં ભારતનો સૌથી નીચો પ્રજનન દર નોંધાયો 1.2 છે. આ દર ફિનલેન્ડ(1.3) કરતાં પણ ઓછો છે. દક્ષિણ અને પશ્ચિમ રાજ્યોમાં તમિલનાડુ કેરળ પશ્ચિમ બંગાળ 1.3 નોંધાયો જે પ્રજનન દર નીચો છે. આંધ્ર પ્રદેશ, જમ્મુ કાશ્મીર, મહારાષ્ટ્ર, પંજાબ 1.4 છે. ભારતમાં વસ્તી વધઘટ કરતાં આજે સમસ્યાઓ પવનવેગી વધી રહી છે. તેમાં જમીન અને સંસાધનો અતિ મોંઘાં બની ગયાં છે. આ સમસ્યા જોતાં ભારતનો જન્મદર નીચે જતો હોય તે જ હિતાવહ છે. નેતાઓના દિવસના ભાષણ અને રાત્રી અંધારાની વસ્તી દેશમાં ઘણા બધા પ્રશ્નો લઈને ઊભી થઈ જાય છે. હાલની પરિસ્થિતિ પ્રજનનદર ઘટાડો એ જ હિતાવહ છે. વધુ વસ્તી શિક્ષણ રોજગાર વાહન વ્યવહાર અને ખોરાક જેવી પ્રાથમિક સુવિધાઓ ડગલે ને પગલે માંગે છે. વસ્તીવધારાની સ્પર્ધાની ગણતરી કરવા કરતાં ભ્રષ્ટાચાર અને બેઈમાન નાગરિકોની ગણતરી કરીને સિસ્ટમમાંથી બહાર કાઢવાની સ્પર્ધા દરેક મીડિયાપ્રેમી નાગરિકોએ કરવી જોઈએ.

તાપી - હરીશકુમાર ચૌધરી

તમારે કુદરતી રીતે જીવવું છે કે દવા ખાઈને જીવવું છે

ઉપરોક્ત બંને વાત તમારા હાથની છે. જો તમારે કુદરતી રીતે જીવવું હોય અને સીનીયર સીટીઝન હો તો રોજ સવારે થોડું વોક કરો. પોતાનું કામ બને ત્યાં સુધી જાતે કરો. બપોરે આરામ કરો. ખાવાનું ચાવી ચાવીને ખાવ. સાંજે પાછા થોડું હળવું વોક કરો. સોસાયટી કે ફળિયામાં પોતાની ઉંમરનાં લોકો સાથે 1 કલાક પસાર કરો. જેટલી તમારી એનર્જી બર્ન થાય તેટલો ખોરાક ખાવો. જો આમાં ખોરાકમાં વધારો થાય તો તે ચરબીમાં રૂપાંતર થશે. દવા ખાઈને જીવવું હોય તો દવા એક એવી વસ્તુ છે કે તે એકને દબાવે અને બે ને ઉગામે ટૂંકમાં તેથી આડઅસર થાય છે. મેં એવા ઘણા બધા વ્યક્તિને જોયા છે કે તે રોજથી 20થી 29 ગોળી ખાઈને જીવે છે. દવા જ એવી આજીવિકા અને જિંદગી સંભાળવાનું સાધન છે. તમારે કેવી રીતે જીવવું તેનો વિચાર તમારે કરવાનો છે.

સુરત - ડોક્ટર મહેશ આઈ

મહાત્મા ગાંધી અને ફૂટબોલ

2026નો ફૂટબોલ વિશ્વકપ 11 જૂનથી શરૂ થયો છે. પહેલો ફૂટબોલ વિશ્વકપ 1930માં ઉરુગ્વેની રાજધાની મોન્ટે વિડિયોમાં રમાયો હતો. યજમાન ટીમ ઉરુગ્વેએ જ ફાઈનલમાં આર્જેન્ટિનાને હરાવીને પ્રથમ ટ્રોફી જીતી હતી. રસપ્રદ વાત એ છે કે મહાત્મા ગાંધીએ 1896માં દ.આફ્રિકામાં ટ્રાન્સવાલમાં પહેલવહેલી ફૂટબોલ કલબની સ્થાપના કરી હતી. પૂજ્ય બાપુ વિવિધ આશ્રમોમાં ફૂટબોલ મેચનું આયોજન કરતાં હતા. તેમનો મૂળ ઈરાદો તો અંગ્રેજો સામે લડનારા ભારતીય લોકોને એકઠા કરવાનો હતો. એ માટે તેમણે ફૂટબોલની રમતને નિમિત્ત બનાવ્યું. મેચના બહાને લોકો એકઠા થવા લાગ્યાં. તેથી તેમનો ઉદ્દેશ બરાબર પાર પડ્યો. પછી તો પૂ.બાપુની પ્રેરણાથી ઘણી ફૂટબોલ કલબની સ્થાપના થઈ. પૂ.બાપુ તો પોતે ફૂટબોલના સામાન્ય (એવરેજ) ખેલાડી હતા. પણ ફૂટબોલને ગોલ કરવા કીક નહિ, પણ અંગ્રેજોને પરાસ્ત કરવા કીક મારવાની હતી. મેચ શરૂ થાય તે પહેલાં અંગ્રેજો દ્વારા થતા અન્યાય વિરુધ્ધ ભાષણ કરવામાં આવતું હતું. આ સમય દરમ્યાન પૂ.બાપુની યાદગીરી માટે એક ફેમિલીએ તેમના પુત્રનું નામ ‘‘મહાત્મા ગાંધી હેબર્પિઓ મેટ્રોસ પાઈરસ’’ પાડ્યું હતું. આ દર્શાવે છે કે પૂ.બાપુને માટે ત્યાંનાં લોકોને કેટલો પ્રેમ અને આદર હતો!

સુરત - ડો. કિરીટ એન. ડુમસિયા